| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૪૦.૦° સે. | ૨૪.૦° સે. |
| બારડોલી | ૩૮.૦° સે. | ૨૩.૦° સે. |
| ભરૂચ | ૪૧.૦° સે. | ૨૪.૦° સે. |
| વ્યારા | ૩૮.૦° સે. | ૨૩.૦° સે. |

# બારડોલી-વ્યારા-ભરૂચ

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

બારડોલી : ૦૨૬૨૨-૨૨૦૪૮૪ | ભરૂચ : ૯૪૮૪૯૯૬૩૨૪ | રવિવાર ૨૯ માર્ચ, ૨૦૨૬



## સાયણમાં અજાણ્યા પુરુષનો મૃતદેહ મળ્યો

સાયણઃ સાયણના કાશી ફળિયા પાસે ખેતરમાંથી 45 વર્ષીય અજાણ્યા પુરુષની લાશ મળી આવી છે. પ્રાથમિક તપાસમાં મોતનું કારણ અકબંધ છે, પરંતુ સ્થાનિકોમાં દારૂના નશાને લીધે મોત થયાની ચર્ચા છે. હાલ પીએસઆઇ ડી.બી. દેસાઈએ અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## માંકણામાં ઘરના આંગણામાંથી ટ્રેક્ટરની ચોરી

કામરેજઃ માંકણામાં ભાવિન અરુણ પટેલ રહે છે. જેણે મહિન્દ્રા કંપનીનું ટ્રેક્ટર નં.(જીજે આરઝેડ 8535) ગત તા.20-1-24ના રોજ ખરીદ્યું હતું. ત્રણ દિવસ અગાઉ રાત્રે ઘરના આંગણામાં ટ્રેક્ટર ટ્રોલી સાથે પાર્ક કર્યા બાદ ન મળતાં કામરેજ પોલીસ મથકમાં રૂ.3,95,000ના ટ્રેક્ટર ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

## પીપોદરા નજીક નહેરમાં નાહવા પડેલો યુવક ડૂબ્યો

કીમઃ સુરતના ઈચ્છાપુર વિસ્તારમાં રહેતો ૨૭ વર્ષીય અભિષેક સરોજ ગત ૨૬ માર્ચના રોજ નવી પારડી ગામની સીમમાંથી પસાર થતી કાકરાપાર નહેરમાં મિત્રો સાથે નાહવા પડ્યો હતો. ઊંડા પાણી અને તેજ પ્રવાહમાં યુવક તણાઈ જતાં તંત્ર દ્વારા શોધખોળ હાથ ધરવામાં આવી હતી. ઘટનાના બે દિવસ બાદ, ૨૮ માર્ચના રોજ વડોલી ગામ નજીક નહેરના ગરનાળામાંથી યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. કીમ પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

# કુડસદમાં પાણીની ટાંકીમાં ભ્રષ્ટાચાર મામલે મંત્રીનો તપાસનો આદેશ

**ગામના** સરપંચને સાથે રાખી રાત્રિ દરમિયાન પ્રાથમિક રિપોર્ટ પર સહી કરાવાઈ

કીમઃ હજી અરેઠના તડકેશ્વર ખાતે પાણીની ટાંકી તૂટી પડવાની ઘટના તેમજ ઓલપાડના દેલાડ ગામમાં તળાવ બ્યુટિફિકેશનમાં ગોબાચારીનો કિસ્સો લોકોના મનમાંથી ભુલાયો નથી, ત્યાં વધુ એક ગંભીર બેદરકારી ઓલપાડ તાલુકાના કુડસદ ગામે પ્રકાશમાં આવી છે. કુડસદ ગામે ૧૫મા નાણાપંચની યોજના અંતર્ગત અંદાજે ૨૫,૪૩,૯૯૭ના ખર્ચે નવી પાણીની ટાંકી બનાવવામાં આવી છે. આ ટાંકીનું હજી લોકાર્પણ પણ થયું નથી, ત્યાં તેની સેફ્ટી વોલ અને સીડીના પ્લાસ્ટરમાં ગાબડાં પડવા લાગ્યા છે. મીડિયામાં અહેવાલ પ્રસારિત થતા જ રાજ્ય સરકાર હરકતમાં આવી છે. મંત્રી ઈશ્વર પટેલે આ મામલે ગંભીરતા દાખવી WASMOના અધિકારીઓને તાત્કાલિક તપાસ કરી રિપોર્ટ સોંપવા સૂચના આપી છે. હાલ તંત્રએ રિપેરિંગ બાદ જ પેમેન્ટ કરવાની ખાતરી આપી છે, પરંતુ જાગૃત નાગરિકો આ મામલે કડક પગલાંની અપેક્ષા રાખી રહ્યા છે.



કિરણ ઢોડિયા

### અધિકારીઓ રાત્રે તપાસ માટે પહોંચતા શંકા

મંત્રીના આદેશ બાદ અધિકારીઓ મોડી રાત્રે લગભગ ૧૨ કલાકે ઘટના સ્થળે દોડી આવ્યા હતા. સરપંચની હાજરીમાં ટાંકીનું નિરીક્ષણ કરી પ્રાથમિક રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો હતો. રિપોર્ટ મુજબ મુખ્ય ટાંકીના સ્ટ્રક્ચરમાં કોઈ લીકેજ જોવા મળ્યું નથી, જ્યારે દાદરની રેલિંગમાં ક્યોરિંગ યોગ્ય રીતે ન થવાને કારણે તે તૂટી જવાથી થોડું હલનચલન થતું હોવાનું નોંધાયું છે. જો કે, અધિકારીઓ મધરાત્રે તપાસ માટે પહોંચતા સ્થાનિકોમાં શંકા-કુશંકા ઉભી થઈ છે.

### એજન્સીને બ્લેકલિસ્ટ કરવી જોઈએ: ભાવિક પટેલ

ગ્રામ પંચાયત સભ્ય ભાવિક પટેલે જણાવ્યું હતું કે, અમારી માંગ છે કે આવા ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરને કાયમી માટે બ્લેકલિસ્ટ કરવામાં આવે. જો તડકેશ્વર જેવી જાનહાનિ થાય તો તેની જવાબદારી કોણ લેશે?

હાલમાં જે નવી ટાંકીમાં પ્લાસ્ટર તૂટી પડવાના કારણે ભ્રષ્ટાચારના આક્ષેપો ઊઠ્યા છે, તેની બાજુમાં જ ૧૯૯૨માં બનેલી અંદાજે ૭૦ હજાર લિટર ક્ષમતાની હાઈ બેરલ ટાંકી આજે પણ મજબૂત હાલતમાં છે અને ગામને પીવાનું પાણી પુરું પાડે છે. સ્થાનિક જાગૃત નાગરિકોએ ટાંકીના નિર્માણમાં વપરાયેલા મટિરિયલ અને ગુણવત્તાની નિષ્પક્ષ તપાસ માટે SVNITના નિષ્ણાત ઈજનેરોની ટીમ દ્વારા તપાસ કરાવવા માંગ ઉઠાવી છે.

# બુટલેગર પુત્રએ ક્રિકેટ સ્ટેડિયમમાં જાહેરમાં બિયરની ચૂસ્કી માણી!

**ગેલેરીમાં** બેસીને હજારો લોકોની હાજરીમાં બિનધાસ્ત મદીરાપાન



બારડોલીઃ બારડોલી સ્થર પટેલ ક્રિકેટ સ્ટેડિયમમાં આયોજિત 'ગુજરાત ટેનિસ ક્રિકેટ ટુર્નામેન્ટ' હાલ રમતને કારણે નહીં, પરંતુ કાયદો અને વ્યવસ્થાના ધજાગરા ઉડાવતી એક શરમજનક ઘટનાને લીધે વિવાદોના વંટોળમાં ફસાઈ છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વિડીયોએ સમગ્ર પંથકમાં ચકચાર મચાવી દીધી છે, જેમાં એક યુવક પ્રેક્ષક ગેલેરીમાં બેસીને હજારો લોકોની હાજરીમાં બિનધાસ્તપણે બિયર પીતો નજરે પડે છે. સમગ્ર ગુજરાતના અલગ અલગ જિલ્લાની મેચોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આ યુવકે આવી હરકત કરતાં બારડોલીનું નામ પણ ખરાબ થયું છે.

ચોંકાવનારી બાબત એ છે કે જ્યારે આ યુવક નશાની લિજ્જત માણી રહ્યો હતો, ત્યારે તેની બાજુમાં જ સુરક્ષા માટે તૈનાત બાઉન્સર ઊભો હતો. છતાં, બાઉન્સરની રહસ્યમય નિષ્ક્રિયતા અને આયોજકોની બેદરકારી સામે ગંભીર સવાલો ઊભા થયા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ યુવક સ્થાનિક બુટલેગરનો પુત્ર હોવાની ચર્ચા ઊઠી હતી. જેના કારણે તેને પોલીસ કે કાયદાનો કોઈ જ ડર રહ્યો નથી. જ્યાં સામાન્ય જનતા તરસ છીપાવવા પાણી પી રહી હતી, ત્યાં આ 'વગદાર' નબીરો જાહેરમાં દારૂબંદીના નિયમોને ઘોળીને પી ગયો હતો. આ ઘટનાએ ગુજરાતમાં દારૂબંદીના અમલીકરણ સામે મોટા પ્રશ્નાર્થચિહ્નો મૂક્યા છે. સ્ટેડિયમ જેવા જાહેર અને સુરક્ષિત ગણાતા સ્થળે દારૂની બોટલ કેવી રીતે પહોંચી તે તપાસનો વિષય છે.

જો કે, જાહેરમાં બિયર પીવાના મામલે સોશિયલ મીડિયા પર વિડીયો વાયરલના આધારે તપાસ કરી બારડોલી ટાઉન પોલીસે આરોપી મેહુલભાઈ હસમુખભાઈ રાઠોડ (રહે.,સુરતીઝાપા, બારડોલી) વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

# કરજણમાં એક સંતાનના પિતાનો આપઘાત

કામરેજઃ કરજણમાં રહેતી પરિણીતા મનીષાબેન અજયભાઈ પરમારે પંચમહાલના જૂનુગામ ખાતે રહેતા અજય સાંકળભાઈ પરમાર (ઉં.વ.25) સાથે પ્રેમલગ્ન કર્યાં હતાં. પતિ-પત્ની અને પાંચના વર્ષના પુત્ર ઋત્વિક સાથે હોળી-ધુળેટીના તહેવાર બાદ કરજણ ખાતે રહેવા માટે આવી ગયા હતા. શનિવારે સવારે મનીષાબેન ગામમાં કામ કરવા માટે ગઈ હતી ત્યારે પતિને ખર્ચા માટે રૂ.50 પત્ની પાસે લીધા હતા. બાદ કામ કરીને મનીષાબેન સવારે 10 કલાકે ઘરે આવતાં ઘરનો દરવાજો ખુલ્લો હતો. રૂમમાં જોતાં પતિ અજય પંખાની સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. જે અંગે કામરેજ પોલીસે અકસ્માત મોત નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પુત્રને વિદેશ મોકલવાના નામે ગૃહિણી સાથે ઠગાઈ

**બારડોલીની** ઘટના, એજન્ટે પુત્રનો પાસપોર્ટ પણ પોતાના કબજામાં રાખી લીધો

બારડોલીઃ બારડોલીની સ્વસ્તિક રેસિડેન્સીમાં રહેતી ગૃહિણી સાથે પુત્રને વિદેશ મોકલવાના નામે એજન્ટ દ્વારા 1.10 લાખ રૂપિયાની છેતરપિંડી કરી પાસપોર્ટ પરત ન કરતાં બારડોલી ટાઉન પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

બારડોલીની સ્વસ્તિક રેસિડેન્સીમાં રહેતી મનીષાબેન રાજુગિરિ ગૌસ્વામી (ઉં.વ.45) એ આપેલી ફરિયાદ મુજબ તેમના પતિ જોળવા ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને સંતાનમાં એક છોકરો નેવીલગિરિ (ઉં.વ.24) અમદાવાદ ખાતે ખાનગી કંપનીમાં નોકરી કરે છે અને એક છોકરી ખુશ્બુ (ઉં.વ.22) હાલમાં યુ.કે.માં અભ્યાસ કરે છે. તેમની માસીની દીકરી અમદાવાદના કોઈ એજન્ટ થકી વિદેશી ગઈ હોય, નેવીલગિરિને પણ વિદેશ મોકલવા માટે તે એજન્ટનો સંપર્ક કર્યો હતો. તેમણે મનીષાબેનને દિલ્હીના ગુંજન ઠાકુર નામની વ્યક્તિનો સંપર્ક કરાવતાં તેમની સાથે વાતચીત કરી હતી. જેમાં તેમણે છોકરાને વિદેશી મોકલવા અને વર્ક પરમિટ બનાવી આપવાની ખાતરી આપી હતી. અને 6 લાખ રૂપિયામાં નક્કી કર્યું હતું. ગત 6 એપ્રિલ-2025ના રોજ ગુંજન ઠાકુર સાથે વાત કર્યા બાદ પ્રથમ 60 હજાર રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કર્યા હતા. બાદ છોકરાનો અસલ પાસપોર્ટ માંગતાં કુરિયર મારફતે મોકલી આપ્યો હતો. એ બાદ ટુકડે ટુકડે બીજા 50 હજાર રૂપિયા ગુંજન ઠાકુરને મોકલ્યા હતા. તા.25-12-2025 સુધીમાં દીકરાને વિદેશ મોકલવા માટેની વર્ક પરમિટ કઢાવી આપવાની ખાતરી અને ભરોસો આપ્યો હતો. પરંતુ આજદિન સુધી કોઈ કામ કર્યું ન હતું અને પાસપોર્ટ પણ પોતાની પાસે રાખી લીધો હતો. રૂપિયા અને પાસપોર્ટની પરત માંગણી કરતાં ખોટા વાયદા કરતાં અંતે મનીષાબેન ગૌસ્વામીએ બારડોલી ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



સત્યમેવ જયતે

નાગરિક ઉડ્ડયન મંત્રાલય
ભારત સરકાર

સર્વસમાવેશકતાને પ્રોત્સાહન આપીને અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર વધારીને ઉડ્ડયન ક્ષેત્રને મજબૂત બનાવવું

શ્રી નરેન્દ્ર મોદી
માનનીય વડા પ્રધાનના
સ્વપ્નદૃષ્ટા નેતૃત્વ હેઠળ

ઉદ્ઘાટન/લોકાર્પણ

વિવિધ એરપોર્ટ પર ઉડાન યાત્રી કેફે, મુસાફરોની સુવિધાઓ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન કાર્યો

શ્રી રામમોહન નાયડુ કિંજરાપુ
કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી દ્વારા

રવિવાર, 29 માર્ચ, 2026 | સવારે 10:30 | રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ, ગુજરાત



"છેલ્લા દાયકામાં ભારતનું ઉડ્ડયન ક્ષેત્ર ઐતિહાસિક પરિવર્તનમાંથી પસાર થયું છે, જે એક વિશિષ્ટ ક્લબમાંથી વિકસીને વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડ્ડયન બજાર બની ગયું છે."

શ્રી નરેન્દ્ર મોદી
વડા પ્રધાન

**ઉડાન યાત્રી કેફે: સસ્તા નાસ્તાના વિકલ્પો પ્રદાન કરે છે** - ચંદીગઢ, અમૃતસર, રાજકોટ, જમ્મુ, વારાણસી, પટણા, ઇન્દોર, ગ્વાલિયર, જયપુર, અગરતલા અને લખનઉ.

**ડીજી યાત્રા: એરપોર્ટ પર સંપર્ક રહિત અને સીમલેસ પરિવહન** - ચંદીગઢ, દેહરાદૂન, જમ્મુ, શ્રીનગર, અગરતલા, ઇમ્ફાલ, ભોપાલ અને અમૃતસર.

**કિડ્સ ઝોન: બાળકો માટે ઇન્ટરેક્ટિવ પ્લે એરિયા** - ચંદીગઢ, આદમપુર, ભટિંડા, ખજુરાહો, જમ્મુ, દેહરાદૂન, અમૃતસર, ઇમ્ફાલ, ગ્વાલિયર અને અગરતલા.

**ફ્લાયબ્રેરી: મુસાફરી દરમિયાન વાંચનનો આનંદ** - ચંદીગઢ, આદમપુર, અમૃતસર, બરેલી, હિંડન, જમ્મુ, ખજુરાહો, પ્રયાગરાજ, શ્રીનગર, ઇમ્ફાલ, ઇન્દોર, અગરતલા, જામનગર, દેહરાદૂન, કુલ્લુ અને કિશનગઢ.

**અવસર: સ્થાનિક કારીગરોને તેમના ઉત્પાદનો પ્રદર્શિત કરીને સશક્ત બનાવવા** - ચંદીગઢ, જમ્મુ, ખજુરાહો, કુલ્લુ (ભુંતર), વારાણસી, ઇમ્ફાલ, ઇન્દોર, ગ્વાલિયર, જબલપુર, અગરતલા અને જામનગર.

**ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન: એરપોર્ટની કાર્યકારી કાર્યક્ષમતામાં વધારો** - જોધપુર, શ્રીનગર, ભુવનેશ્વર, દરભંગા, ઝારસુગુડા, ઇમ્ફાલ, ઇન્દોર અને ભોપાલ.

**વાઇ-ફાઇ: મુસાફરી દરમિયાન જોડાયેલા રહેવું** - આદમપુર, અગરતલા, આગ્રા, અલીગઢ, અમૃતસર, અયોધ્યા, આઝમગઢ, બરેલી, ભુવનેશ્વર, બીકાનેર, ચંદીગઢ, ચિત્રકૂટ, દરભંગા, દેહરાદૂન, દેવઘર, દિમાપુર, ગયા, ગોરખપુર, હિંડન, હિસાર, હોલોંગી, ઇમ્ફાલ, ઇન્દોર, જેસલમેર, જમ્મુ, ઝારસુગુડા, જોધપુર, કાંગડા (ગગ્ગલ), કાનપુર (ચકેરી), ખજુરાહો, કિશનગઢ, કુલ્લુ (ભુંતર), કુશીનગર, લેહ, લુધિયાણા, મુરાદાબાદ, પાક્યોંગ, પંત નગર, પઠાણકોટ, પટણા, પોર્ટ બ્લેયર, પ્રયાગરાજ, પૂર્ણિયા, રાયપુર, શિલોંગ, શિમલા, શ્રીનગર, તેઝુ, ઉદયપુર અને વારાણસી.




@AAI_Official | @AirportsAuthorityOfIndiaOfficial | @aaiofficial | @airportsauthorityofindia | @AirportsAuthorityofIndia

CBC 03111/13/0020/2526